ગાંધીનગર સમાચાર

# પ્રાંતિજના આળસોડા ગામે યુવાન તળાવમાં ડુબી જતાં મોત

પ્રાંતિજ તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના આળસોડા ગામે વીસ વર્ષ નો યુવાન તળાવ માં ડુબી જવાથી મોત નિપજ્યું હતું.

**પશુ ચરાવવા ગયેલ યુવાન તળાવ પાસે જતાં પગ લપસતા પાણીમાં ગરકાવ થતાં મોત**

પ્રાંતિજ ના આળસોડા ગામે પશુ ચરાવવા ગયેલ પોપટસિંહ કાનાજી પરમાર ઉ.વર્ષ- ૨૦, રહે. આળસોડાએ ધરેથી પોતાના પશુઓને લઈને ચરાવવા ગયો હતો જયાં ગામના જ તળાવ પાસે જતાં તેનો પગ લફસતાં તે પાણીમાં ડુબ્યો હતો અને પાણી ઉંડુ હોવાથી તેનો ગરકાવ થયો હતો. જયારે બુમાબુમ થતાં ગામના સ્થાનિક તરવૈયાઓની મદદથી અડધો કલાક શોધખોળ બાદ બહાર કાઢવામાં આવ્યો હતો અને તેને હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જયાં હાજર તબીબી દ્વારા મૃત જાહેર કરતાં પરિવાર સહિત ગામમા શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# અંબાજીના માર્ગો માતાજીના જયઘોષોથી ગાજી રહ્યા છે





અરવલ્લી, તા. ૧૧

જય જય અંબે, બોલ મારી અંબેના મંગલ ધ્વનિ સાથે જગતજનની મા અંબાના આસ્થા ધામ અંબાજી તરફ વહેતો ભક્તોનો અવિરત પ્રવાહ અરવલ્લી જિલ્લાના માર્ગો પરથી પસાર થતા શ્રદ્ધા, ભક્તિ અને ધાર્મિકતાનો માહોલ છવાયો છે. વિશાળ રથનું દોરી ખેંચીને પ્રસ્થાન, હાથમાં વિશાળ ધજા, ઉપરાંત ભક્તિ-કિર્તન અને પ્રસાદ વિતરણ સાથે પસાર થતા પદયાત્રિકોના સંઘોને ભાવિકજનો દ્વારા ઠેર ઠેર આવકાર, આશ્રય આપી, ચ્હા-નાસ્તા, પાકા ભોજન, પાણી તેમજ કેટલાક સ્થળોએ મેડીકલ કેમ્પો, સ્નાન-શૌચાલયની સુવિધા ઉભી કરી પદયાત્રિકોની સુશ્રૃષા દ્વારા પુણ્ય સંચિત કરવાનો પ્રયાસ કરાઈ રહ્યો છે.

પાવનકારી ભાદરવી માસમાં અગિયારસ, પૂનમ સહિતની પાવનકારી તિથીઓએ દર્શન, અનુષ્ઠાન, હવન સહિતના ધાર્મિક કાર્યક્રમોમાં પ્રતિ વર્ષે સ્થાનિક સહિત પરપ્રાન્તના હજારો માઈ ભક્તો આસ્થાધામ અંબાજી તરફ પગપાળા, ખાનગી વાહનો, એસટી બસ, લકઝરી કે ટ્રેનો મારફતે પ્રયાણ કરે છે. બોલ મારી અંબે, જય જય અંબે, અંબાજીમાં કોણ છે... મા જગતજનની છે ના નારા સાથે વિશાળકાય ધ્વજા સાથે ભજન-કિર્તન ઉપરાંત ટેપરેકોર્ડ, ડીજેના સુરો સાથે રથને સુંદર રીતે શણગારી, રથની દોરી ખેંચીને વિહરતા શ્રદ્ધાળુઓથી અરવલ્લી જિલ્લાના માર્ગો ઉભરાય છે. અરવલ્લી જિલ્લામાં પંચમહાલ, મહિસાગર, ખેડા, વડોદરા, ડાંગ-આહવા, છોટાઉદેપુરત મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રથી પગપાળા નીકળેલા પદયાત્રીઓના જયકારાથી અરવલ્લી જિલ્લાની ગીરીમાળાઓ ગુંજી ઉઠી છે. અરવલ્લી જિલ્લાના માર્ગો પરથી પસાર થતા રથ સાથેના પદયાત્રીઓ સવાર-સાંજ સેવા પૂજાના સમયે એકઠા થઈ મા અંબેની આરાધના કરતા અને આરતી ઉતારતા જિલ્લાના વાતાવરણમાં ભક્તિમય માહોલ પેદા થયો છે. સંઘો દ્વારા કરાતા જગદજનની મા અંબેની આરાધના સમયે શહેરો અને ગામડાઓના પ્રજાજનો મા જગદંબાની આરાધનામાં જોડાઈને ધન્યતા અનુભવે છે. જિલ્લાના માર્ગો પર ઠેર ઠેર પદયાત્રીઓની સેવા કરવા સેવાભાવી લોકો ખડેપગે સેવા કરવાનો લુપ્ત ઉઠાવી રહ્યા છે.

# પ્રાંતિજમાં ગણેશ મહોત્સવની ધામધૂમથી ઉજવણી

## ગણેશ ભક્તો દ્વારા સવાર સાંજ દાદાની આરતી પૂંજા અર્ચના કરવામાં આવે છે : રાત્રીના સમયે પડાલોમાં ગરબાની રમઝટ પણ જામે છે

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દુદાળા દેવ ભગવાન ગણેશની મૂર્તિ વિવિધ ગણેશ મંડળો દ્વારા બાપ્પાની મૂર્તિનું સ્થાપન કરી સવાર-સાંજ આરતી પૂજા કરવામાં આવે છે અને વિધ્નહર્તાને ભાવતા ભોજન પ્રસાદ સહિતની વિવિધ રીતે બાપ્પાને દ્વારા દાદાની મૂર્તિની સ્થાપના કરી દાદાના ચોકમાં ગરબા ગુમતા નજરે પડ્યા હતા. ત્યારે રેલવે સ્ટેશન વિસ્તારમાં પણ દાદાની મૂર્તિની





સ્થાપના કરવામાં આવી છે અને સવાર-સાંજ ભગવાન ગણેશની આરતી ઉતારી પૂજા અર્ચના કરી ભક્તો દ્વારા ભગવાન વિઘ્નહર્તાને રીઝવવા નજરે જોવા મળે છે.

પ્રાંતિજના તપોધન ફળીમાં પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ યુવક મંડળ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દસ દિવસ માટે ગણેશ યુવક મંડળ દ્વારા સેવા કરવામાં આવે છે. જ્યારે લાલ દરવાજા ખાતે પણ ગણેશ યુવક મંડળ દ્વારા વિઘ્નહર્તાને રીઝવવા તેમણે અવનવી વાનગીનો અન્નકુટ ધરવામાં આવ્યો હતો. અને આરતી દાદા સ્તુતિ કરતા આ વિસ્તારના લોકો નજરે પડ્યા હતા. જ્યારે ભાંખરીયા ટેકરા વિસ્તારમાં પણ વાઘેલા સમાજ સ્થાપના કરવામાં આવી છે અને મહિલા ભજન મંડળી દ્વારા ગણેશ પડાલમાં ભજન કિર્તન કરતા નજરે પડ્યા હતા. જ્યારે સર્વોદયનગરમાં પણ વિઘ્નહર્તા ગણેશજીની મૂર્તિનું સ્થાપન કરવામાં આવ્યું હતું અને ગણેશ ચોકમાં બાળકો સહિત મહિલાઓ ગરબે ગુમતા નજરે પડ્યા હતા.

# ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન સામે બસ અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન સામે રવિવારે બપોરે બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલકનું ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું જે અંગે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે રવિવારે બપોરના એક વગેના સુમારે ખેડબ્રહ્મા થી નવા મારવાડા ગામે બાઈક લઈ જઈ રહેલ અશોકભાઈ અમૃતલાલ પંચાલ (ઉ.વ.-૪૫)ને ઉમરગામ થી અંબાજી જઈ રહેલ વચ્ચે અકસ્માત સર્જાયું હતું જેથી અશોકભાઈ પંચાલ એસટી બસના ટાયર નીચે આવી જતા માથાના ભાગે ગંભીર ઈજાને કારણે સ્થળ પર મોત નીપજ્યું હતું આ અંગે ખેડબ્રહ્મા પોલીસે બસ ચાલક વિરુદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજના દશામા મંદિરે ૧૭ વર્ષથી આવતા માતાના રથનું ભવ્ય સ્વાગત

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ દશામાના મંદિરે છેલ્લા સત્તર વર્ષથી વડોદરાના ગોરવા-પંચવટીથી અંબાજી ખાતે રથ સાથે નીકળતા પદયાત્રીઓ સંઘનું પ્રાંતિજ ખાતે આવતા દશામા મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા વાજતે-ગાજતે દર વર્ષની જેમ મા અંબાના રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ મા દશામાના મંદિર ખાતે છેલ્લા સત્તર વર્ષથી પરંપરા ગત વડોદરાના ગોરવા-પંચવટીથી શ્રી જય અંબે પદયાત્રા સંઘ દ્વારા મા નો રથ લઈને આવે છે અને પ્રાંતિજ મા દશામાના મંદિર ખાતે રાત્રી રોકાણ કરે છે. ત્યારે મા દશામાના મંદિર વ્યવસ્થાપક નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ તથા મંદિર ટીમ દ્વારા મા ના રથનું આતશબાજી સાથે દર વર્ષની જેમ સ્વાગત કરવામાં આવ્યું હતું. જ્યારે કમાલપુર સકલ સિનીમા પાસે પદયાત્રીઓની સેવા માટે વિસામાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને ચા-નાસ્તો, લીંબુ શરબત, ભોજન સહિત મેડિકલ સુવિધા સહિતની વ્યવસ્થા વ્યવસ્થાપકો દ્વારા કરવામાં આવી છે. જ્યારે રામદ્વાર ખાતે પણ દર વર્ષની જેમ વિસામો બનાવવામાં આવ્યો હતો. જેમાં પદયાત્રીઓને ભોજન સહિત સુવિધાઓ પુરી પાડવામાં આવી હતી.



# ધોલવાણીની સગીરા સાથે ગેંગ રેપ કરનારા બે ઝડપાયા

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના ધોલવાણી ગામે બુધવારે બપોરે સગીરાની એકલતાનો લાભ લઈ તેણીને ઝાડીમાં લઈ જઈ તેણીની મરજી વિરૂધ્ધ તાલુકાના વિરેશ્વર અને ઈડર તાલુકાના સિયાસણ ગામના ગેંગ રેપ કરનારા બે જણા ઝડપાયેલાને રવિવારે કોર્ટમાં રજુ કરતા કોર્ટે સબ્જેમાં મોકલવાનો હુકમ કર્યો મૂળ મતાલી ગામની પરંતુ નાનપણથી જ ધોલવાણી ગામે નાની પાસે રહેતી સગીરા બુધવારે તેણીના ઘરે એકલી હતી. જે સમયે વિરેશ્વર ગામનો કનૈયાલાલ દિતાજી અસારી અને ઈડર તાલુકાના સિયાસણ ગામનો પંકજ નટવરલાલ સડાત તેના ઘરે આવી તેણીનું મોઢું દબાવી નજીકની ઝાડીમાં લઈ ગયા હતા. જયાં કનૈયાલાલ અને પંકજે સગીરાની મરજી વિરૂધ્ધ બંને જણાયે દુષ્કર્મ આચર્યુ હતું.

# બેચરાજી ખાતે સર્વરોગ નિદાન યજ્ઞ યોજાયો

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લામાં બેચરાજી ખાતે શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ અને રોટરી કલબ મહેસાણાના સંયુક્ત ઉપક્રમે મા ત્રિપુરાના સાનિધ્યમાં નિઃશુલ્ક સર્વરોગ નિદાન મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સર્વરોગ નિદાન કેમ્પમાં ટેમ્પલ ટ્રસ્ટ ઉપરાંત મમતા હોસ્પિટલ બહુચરાજી, તાલુકા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સહિત જિલ્લા આરોગ્ય કેન્દ્રના સંયુક્ત પ્રયાસથી જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોરના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવ્યુ હતુ.

બેચરાજી ખાતે યોજાયેલ નિઃશુલ્ક સારવાર નિદાન કેમ્પમાં દાંત સર્જન, આંખ સર્જન, કાન, નાક, ગળાના સર્જન, જનરલ સર્જન, કીડની પથરી સર્જન, પેટના દર્દો, ફીઝીશીયન, હાડકાના રોગો, ચામડીના રોગો, સ્ત્રી રોગ, બાળરોગ, માનસિક રોગ, મનોવૈજ્ઞાનિક રોગ, એક્સરે, લેબોરેટરી અને વિનામુલ્યે દવાઓનું પણ સ્થળ પરથી વિતરણ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમમાં ઉપસ્થિત જિલ્લાના પ્રભારી મંત્રી દિલીપકુમાર ઠાકોરે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર લોકોના આરોગ્યની સતત ચિંતા કરે છે. લોકોની આરોગ્યની સુવિધાઓ ઘર આંગણે મળી રહે તે માટે અથાગ પ્રયાસો કરાયા છે. રાજ્યના સરકારી દવાખાનામાં વિનામુલ્યે સારવાર મળી રહે છે. લોકોએ પણ પોતાના આરોગ્યની ચિંતા કરવી જરૂરી બની છે. આજે આપણી બદલાતી જતી જીવનશૈલીમાં આહાર અને વિહારમાં પરિવર્તન આવવાથી સીધી અસર આરોગ્ય પર પડી છે. મંત્રીએ દેશી ગાયનું દૂધ આહારમાં લેવા ઉપરાંત વિવિધ દેશી દવાઓ ઉત્તમ ઔષધીય છે તેની વિગતે માહિતી આપી હતી.

કાર્યક્રમમાં સાંસદ જયશ્રીબહેન પટેલ તેમજ ધારાસભ્ય રજનીકાન્ત પટેલે જણાવ્યું હતું કે રાજ્ય સરકારે બહુચરાજીના વિકાસ માટે સતત પ્રયત્નો કર્યા છે. પાણીની સુવિધા માટે માત્ર ટુંકા ગાળામાં ૪૬ ટ્યુબવેલની મંજુરી, ૭૦૦ લાખના ખર્ચે બહુચરાજી કેમ્પસ રીનોવેશન, બ્યુટીફીકેશન માટે ૧૨૦૦ લાખ, બાંધણીયા તળાવ માટે ૪૦૦ લાખ, વિદ્યાર્થીઓની કોલેજ સહિત નવીન સુવિધાઓ થકી યાત્રાધામનો વિકાસ થઈ રહ્યો છે. રાજ્ય સ્વસ્થ ગુજરાત, નિર્મળ ગુજરાત થકી દેશ સ્વચ્છ ભારત, નિર્મળ ભારત તરફ પ્રયાણ કરી રહ્યો છે.

જિલ્લા કલેક્ટર તેમજ શ્રી બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટના ચેરમેન આલોકકુમારે જણાવ્યું હતું કે ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા ધાર્મિક કાર્ય ઉપરાંત સામાજિક, લોકસેવા તેમજ આરોગ્ય હિતના કામો થઈ રહ્યા છે. આ ઉપરાંત સરકારની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટે લોકોને આધાર કાર્ડ કાઢવા માટે ખાસ અપીલ કરી હતી.

# સાબરદાણમાં ગવારચીરી ખાલી કરવા આવેલ ટ્રકમાંથી દારૂ ઝડપાયો

સાબરકાંઠા એલસીબીને મળેલ બાતમીને આધારે રવિવારે સવારે સાડા પાંચ વાગ્યે હાજીપુર ગામની સીમમાં આવેલ સાબરદાણ ફેકટરીની બહાર અને અંદર તપાસ કરી ગોડાઉન નંબર ૫ આગળથી બાતમીવાળી ટ્રક ઝડપી પાડી ટ્રકની બોડી નીચે બનાવેલ ચોર બોકસમાંથી ૭,૩૨,૮૦૦ નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી ચાલક-ખલાસીની અટકાયત કરી કુલ ૨૦,૮૪,૩૦૦ નો મુદામાલ કબ્જે લઈ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ત્રણ ઈસમો વિરૂધ્ધ એલસીબી પી.એસ.આઈ.એ ફરિયાદ નોંધાવી હતી.

બાતમી મળી હતી કે એક ટ્રક નં.જીજે.૦૮.યુ. ૨૧૨૭માં દારૂ ભરેલ છે અને તે હાજીપુર તથા દલપુર ગામની સીમમાં હાઈવે રોડની આસપાસ ઉભી રહેલ છે. બાતમીને પગલે એલસીબી ટીમે પ્રાંતિજ સુધી હાઈવેની આજુબાજુમાં અને ઢાબાઓ ઉપર તપાસ કરેલ. પરંતુ બાતમીવાળી ટ્રક મળી ન આવતા પરત ફરેલ અને સાબરદાણ નજીક સવારે સાડા પાંચેક વાગ્યાના સુમારે આવેલ ત્યારે સાબરદાણની અંદર અને બહાર સંખ્યાબંધ ટ્રકો ઉભી રહેલ હોઈ તપાસ આદરતાં બાતમીવાળી ટ્રક નં.જીજે. ૦૮.યુ. ૨૧૨૭ ગોડાઉન નં.૫ આગળ ઉભી રહેલ મળી આવી હતી.

ટ્રકની અંદર સૂઈ રહેલા ચાલક અને ખલાસીને ઉતારી ટ્રકની બોડીના પાછળના ભાગમાંથી ગવારચીરીના ૨૦૦ જેટલા કોથળા નીચે ઉતાર્યા હતા. પરંતુ કશુ શંકાસ્પદ મળી આવેલ નહી. જેથી ટ્રકની બોડીની ઝીણવટભરી તપાસ કરી તળીયાના ભાગે ચોર બોકસ બનાવેલ હોય તેવુ જણાતાં સ્પેર વ્હીલની બાજુમાં ફીટ કરેલ બોલ્ટ ખોલી વચ્ચેના ભાગે ફીટ કરેલ લોખંડની ચાદરના ટૂકડા ખોલી જોતાં ચોર બોકસમાં જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની પેટીઓ સંતાડેલી મળી આવી હતી. ટ્રકના માલિક ગોદારામ ઉર્ફે ગોવિંદ જગમાલજી ચૌધરીએ ગુવારચીરી સાબરદાણમાં ખાલી કરી ફોન કરવાનું કહ્યુ હતું અને તે જણાવે તે સ્થળે જઈ વિદેશી દારૂની પેટીઓ ઉતારવાની હતી. જેને પગલે પી.એસ.આઈ. ડી.ડી.પરમારે ચાલક અને ખલાસીની અટકાયત કરી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની આખી પેટીઓ નંગ ૧૪૩ અને છુટી બોટલ નંગ ૩૫ મળી કુલ બોટલ નંગ ૩૫૫૧ કિ. રૂા.૭,૩૨,૮૦૦, ગવારચીરીના કોથળા કિ. ૩૫૦૦૦૦ અને ટ્રક કિ. ૧૦૦૦૦૦૦ મળી કુલ રૂા.૨૦,૮૪,૩૦૦ નો મુદા?માલ કબ્જે લઈ માલિક સહિત ત્રણેય વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ દ્વારા અણુંજાની પ્રથા યથાવત

## આ દિવસે પશુનું દૂધનું વિતરણ કરવામાં આવતુ નથી

પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા ક્ષત્રિય સમાજ દ્વારા અણુંજા પાડવામાં આવ્યા હતા. જેમાં પશુઓના રક્ષણ માટે વર્ષમાં એક વખત બળિયા દેવની બાધા આજે પણ કરવામાં આવે છે જે વર્ષોથી ચાલી આવતી પરમપરા આજે પણ યંત્ર યુગમાં પણ યથાવત છે.

પ્રાંતિજ નાની ભાગોળ મોટાવાસ ખાતે રહેતા ક્ષત્રિય સમાજના ભાઈ-બહેનો દ્વારા બળિયા દેવના મંદિર ખાતે આજે વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ પોતાના પશુઓની તંદુરસ્તી માટે એક દિવસ માટે અણુંજા પાડવામાં આવે છે.



જેમાં પશુ દૂધનું વિતરણ કરવામાં આવતું નથી. અને નાનાથી મોટા મહિલાઓ સહિત કુલેર, ઉધના ટોડા બુંદી જેવી પ્રસાદ લઈને નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ બળિયા દેવના મંદિર ખાતે જઈને બાધા પૂર્ણ કરવામાં આવે છે અને ત્યાર બાદ પરત આવી બહુચર મંદિર ખાતે ટોળાનું હવન કરવામાં આવે છે અને ક્ષત્રિય સમાજના ભાઈ બહેનો દ્વારા પ્રસાદ લઈ છુટા પડ્યા હતા.

# નાની ઈસરોલ ગામે ૮ વર્ષના બાળકને ડેન્ગ્યુ પોઝીટીવ આવતા આરોગ્યતંત્રમાં દોડધામ

## પંદરેક દિવસથી ઉઘાડ નીકળતા શરદી, સળેખમ અને તાવના વાયરલથી દવાખાનાઓ ઉભરાયા

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના નાની ઈસરોલ ગામે ૮ વર્ષીય યુવકને ડેન્ગ્યુ પોઝીટીવ હોવાનું જણાતા જિલ્લા આરોગ્યતંત્રમાં દોડધામ મચી જવા પામી હતી અને અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વે હાથ ધરાયો હતો. ચાલુ સાલે અરવલ્લી જિલ્લામાં મેઘમહેર પછી સતત ૧૫ દિવસથી ઉઘાડ નીકળતા શરદી, સળેખમ અને તાવના વાયરલથી દવાખાનાઓ ઉભરાયેલા જોવા મળી રહ્યા છે. ત્યારે જિલ્લામાં કેટલાક વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસો પણ મળી આવ્યા હતા. જેમાં ગઈકાલે મોડાસા તાલુકાના નાની ઈસરોલના મયુર લાલાભાઈ (ઉં.વ.૮) નામના બાળકને છેલ્લા બે દિવસથી સતત તાવ અને પેટમાં દુઃખાવો રહેતો હોઈ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી હતી.

પરંતુ આ બાળકને તાવ ઉતરતો ન હોઈ તેના વધુ તબીબી રીપોર્ટ કઢાવવામાં આવ્યા હતા. જેમાં આ બાળકના પ્લેટલેટ કાઉન્ટ ઓછા હોઈ ડેન્ગ્યુની અસર હોવાનું તબીબી રીપોર્ટમાં બહાર આવ્યું હતું. ૮ વર્ષીય બાળકને ડેન્ગ્યુ પોઝીટીવ હોવાથી જાણે આરોગ્યતંત્રમાં થતા તંત્ર સફાળુ જાગ્યુ હતુ અને અસરગ્રસ્ત વિસ્તારમાં સર્વે હાથ ધરાયો હતો.



જાયન્ટસ ગ્રુપ ઓફ મોડાસા અને મેડીલાઈફ ફાઉન્ડેશન દ્વારા જન્મજાત ખોડખાંપણ દૂર કરવા નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. મોડાસાના જેસીઝ હોલમાં રવિવારે યોજાયેલા નિદાન કેમ્પના સુત્ર 'તમારી આસપાસ એવુ કોઈ છે કે સ્મીત આપવા માંગે તો પણ આપી શકતુ નથી' ના બેનર હેઠળ જન્મજાત ફાટેલા હોઠ, તથા તાળવા જેવી ખોડખાપણ ધરાવતા દર્દીઓ માટે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવતા અરવલ્લી જિલ્લામાંથી મોટી સંખ્યામાં જન્મજાત ખોડખાપણ ધરાવતા બાળકો અને દર્દીઓએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. આ નિદાન કેમ્પમાં અમદાવાદના ડૉ. શાહ અને તેમની ટીમ, જાયન્ટસ ગ્રુપના પ્રમુખ અનિષ કાવડીયા, નવનીતભાઈ પરીખ, મુકુન્દભાઈ શાહ, કે.ઓ. શાહ અને રેજીમોન થાઈલ તેમજ ડૉ. સંતોષ દેવકરે સેવા આપી હતી.